આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કક્ષાએ ૩૩ આધાર કન્સલ્ટન્ટ તેમજ ઘટક કક્ષાએ ૪૨૬ આધાર નોંધણી ઓપરેટરની સેવાઓ આઉટસોર્સથી મેળવવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/0019/B1

સચિવાલય, ગાંધીનગર.

તા.ઈ સાઇન મુજબ

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૨૧૫/બ, તા.૧૯/૦૮/૨૦૧૯.

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૨૧૫/બ, તા.૦૯/૦૭/૨૦૨૦

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૨૧૫/બ, તા.૨૨/૦૩/૨૦૨૧

(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૨૧૫/બ, તા.૧૭/૦૩/૨૦૨૨

(૫) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૮/૦૮/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ

(૬) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૪/૦૨/૨૦૨૪ નો સમાનાંકી ઠરાવ

(૭) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૭/૧૦/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ

(૮) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૬/૧૧/૨૦૨૫ નો સમાનાંકી ઠરાવ

(૯)કમિશ્નરશ્રી (આઈ.સી.ડી.એસ) ની કચેરીનો તા.૨૪/૦૬/૨૦૨૬ નો પત્ર ક્રમાંક:ICDS/0533/06/2026

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક(૧) હેઠળના ઠરાવથી આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કક્ષાએ કન્સલ્ટન્ટ અને ઘટક કક્ષાએ આધાર નોંધણી ઓપરેટરની સેવા ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત મંજુર થયેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) થી (૮) હેઠળના ઠરાવથી આ જગ્યાઓની સેવાઓ વધુ ૧૧ માસ માટે મેળવવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૮) હેઠળના ઠરાવ અન્વયે સદરહું જગ્યાઓની સેવાઓ તા.૩૧/૦૮/૨૦૨૬ નાં રોજ પુર્ણ થનાર હોઈ તા.૦૧/૦૯/૨૦૨૬ થી વધુ ૧૧ માસ માટે મેળવવાની મંજુરી આપવા માટે વંચાણે લીધા ક્રમાંક (૯) હેઠળના પત્રથી કમિશ્નરશ્રી આઇ.સી.ડી.એસ ની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ. આ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

૧. આધાર નોંધણીની કામગીરી માટે જિલા કક્ષાએ ૩૩ આધાર કન્સલ્ટન્ટ અને ઘટક કક્ષાએ ૪૨૬ આધાર નોંધણી ઓપરેટરની આઉટસોર્સીંગ સેવાઓ મુદ્દત પુર્ણ થયા તારીખથી વધુ ૧૧ માસ માટે નીચે કોષ્ટકના કોલમ નં (૫) માં દર્શાવ્યા મુજબના સમયગાળા માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સીંગથી મેળવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | જગ્યાઓની સેવાઓ કયા સમયગાળા માટે આઉટસોર્સથી મેળવવામાં આવેલ | | આગામી સમયગાળા માટે આઉટસોર્સથી સેવા મેળવવા મુદ્દત લંબાવ્યા તારીખ | |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | | (૫) | |
| | | | તારીખથી | તારીખ સુધી | તારીખથી | તારીખ સુધી |
| ૧ | આધાર કન્સલ્ટન્ટ (જિલ્લા કક્ષાએ) | ૩૩ | ૦૧/૧૦/૨૦૨૫ | ૩૧/૦૮/૨૦૨૬ | ૦૧/૦૯/૨૦૨૬ | ૩૧/૦૭/૨૦૨૭ |
| ૨ | આધાર ડેટા ઓપરેટર (ઘટક કક્ષાએ) | ૪૨૬ | ૦૧/૧૦/૨૦૨૫ | ૩૧/૦૮/૨૦૨૬ | ૦૧/૦૯/૨૦૨૬ | ૩૧/૦૭/૨૦૨૭ |

૨. જિલા કક્ષાએ ૩૩ આધાર કન્સલ્ટન્ટ ની સેવાઓ માસિક રૂ.૨૦,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) ના મહેનતાણાથી અને ઘટક કક્ષાએ ૪૨૬ આધાર નોંધણી ઓપરેટરની જગ્યાની સેવાઓ માસિક રૂ.૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) ના મહેનતાણાથી મેળવવાની રહેશે.

૩. જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા. ૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૪. ભવિષ્યમાં આ જગ્યાઓ પર આઉટસોર્સથી સેવાઓ મેળવવાની જરૂર જણાય તો મુદ્દત પુર્ણ થવાના ૦૨ માસ અગાઉ આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૪/૦૭/૨૦૨૬ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.પ્રજાપતિ)

સેકશન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (ICDS), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સચિવશ્રી(ખર્ચ),નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
5. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.08.07 14:22:35 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

7. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
8. શાખા સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.08.07 14:22:35 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign